**ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ**
પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૩/ક્વા-03/૨૦૨૩-૨૪ / No 119 તા.

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત 18 JUN 2024

પ્રતિ,
શીવ સ્ટોન ક્રશર
સુખપુર નું પાટિયું,ભેસાણ રોડ,
મું. મેંદપરા,જુનાગઢ
જી. જુનાગઢ, પીનકોડ :૩૬૨૦૩૭ મોબાઈલ : ૯૮૨૫૭૩૮૩૨૦

વિષય : અમારા LTMD વીજ કનેક્શનમાં લાંબા સમયથી ચાલતી લો-વોલ્ટેજ ની સમસ્યાનું વારંવાર ફરિયાદ નોંધવવા છતાં નિવારણ ન થવા બાબત.

સંદર્ભ : શીવ સ્ટોન ક્રશર ની રજુઆત મળ્યા તારીખ: ૨૮.૧૧.૨૦૨૩
( અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૪૩/ક્વા-03/૨૦૨૩-૨૪)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
**નકલ સાદર રવાના :**

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જુનાગઢ

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જુનાગઢ ગ્રામ્ય-૧

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ભેસાણ

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

**website : forumjunagadh.pgvcl@gebmail.com**
**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૩/ફ્વા-03/૨૦૨૩-૨૪/ No 1 1 9 18 JUN 2024

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૩/ફ્વા-0૩/૨૦૨૩-૨૪**

અરજદાર: શ્રી શીવ સ્ટોન ક્શર, ગામ – મેંદપરા, જુનાગઢ,
સબડીવીઝન: ભેસાણ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, જુનાગઢ ગ્રામ્ય-૧,

**:: ફોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી વી.જી.મારકણા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ,વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: ૨૦-૦૫-૨૦૨૪ (સોમવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૦-૦૫-૨૦૨૪ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ બન્ને પક્ષકાર હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો ઉપરોક્ત નામથી ૪૨ કિલો વિજભારનું સ્ટોન ક્શર હેતુ માટેનું વીજ જોડાણ ભેસાણ કચેરી હેઠળ ધરાવીએ છીએ. અમારા વીજ જોડાણમાં વીજ કંપની દ્વારા મુકવામાં આવેલ ટીસી અમારી પ્રીમાંઇસીઝ થી ઘણુ દુર અમારા મેઈન ગેટથી પણ ખાસ્સું દુર ખેતીવાડી વિસ્તારમાં ઉભું કરવામાં આવેલ છે. હાલમાં છેલ્લા છ સાત મહિનાથી લો વોલ્ટેજની તકલીફ કાયમી ધોરણે રહે છે. જેના વિડિયોગ્રાફિક પુરાવા અમારી પાસે ઉપલબ્ધ છે જે અમો જરૂરત પડ્યે ઉપલબ્ધ કરી આપીશું. સ્ટોન ક્શરની મોટરો ચાલુ કરતા વોલ્ટેજ ૪૩૦ થી ડાઉન થઇ ૩૩૦

આસપાસ રહે છે જેના કારણે મોટરો ઉપડતી નથી અને ચાલુ મોટરો બંધ થતા ક્રસરના હોપરમાં પથ્થરો ફસાઈ જાય છે જેને ખાલી કરવા પ્લાન આખો દિવસ બંધ રાખવો પડે છે. આ લો વોલ્ટેજ બાબતે અમોએ સ્થાનિક ભેસાણ ઓફિસમાં લેખિતમાં અને ટેલીફોનીક વારંવાર ફરિયાદો કરેલ છે પરંતુ કોઈપણ કારણોસર અમોને વ્યવસ્થિત જવાબ મળતો નથી કે મારી તકલીફ બાબતે યોગ્ય નિવારણ કરવામાં આવતું નથી. આ બાબતે અમોએ સ્થાનિક ભેસાણ ઓફીશેથી વ્યાજબી સમય સુધી રાહ જોયા બાદ પણ અમારી ફરિયાદનું નિવારણ ન થતા અમોએ વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેર શ્રી માણાવદરીયા સાહેબને પણ આ બાબતે રજૂઆત કરેલ પણ તેમના તરફથી પણ અમોને સંતોષકારક જવાબ અને સહકાર ન મળતા માનનીય ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ અમોને ફરિયાદ કરવા ફરજ પડેલ છે. આ સાથે આ અગાઉ અમારા દ્વારા સ્થાનિક વીજ કચેરી સમક્ષ કરવામાં આવેલ ફરિયાદની નકલ રજુ કરીએ છીએ. અમારા દ્વારા ફોન ઉપર નોંધાવવામાં આવેલ ફરિયાદોની વિગત આપ સ્થાનિક ઓફીસ પાસેથી મેળવી શકશો. ફોરમના તમામ માનવંતા સભ્યોશ્રીઓને વિનંતી કે સ્થાનિક કચેરીની મનમાની બાબતે યોગ્ય તપાસ કરી અમોને પુરા વીજભાર સાથે વીજ પુરવઠો પુરો પાડવામાં આવે તેવો ન્યાયના હિતમાં હુકમ કરી આપવા વિનંતી છે. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ભેસાણ પેટા વિભાગીય કચેરી ના ગ્રાહક શિવ સ્ટોન ક્રશર દ્વારા લો વૉલ્ટેજ ની ફરિયાદ અત્રે ની કચેરી ખાતે કરવા માં આવેલ તે અનુસંધાન માં વિભાગીય કચેરી ની ટીએમએસ ટિમ તથા અત્રે ની કચેરી ના સ્ટાફ દ્વારા પણ સદર વીજ ગ્રાહક ના વૉલ્ટેજ જોઈ ટ્રાન્સફોર્મર ની પણ ચકાસણી કરવા માં આવેલ અને દરેક તપાસની દરમ્યાન પણ વૉલ્ટેજ પૂરતા મળતા હોવાનું જાણવા મળેલ અને ગ્રાહક ની વારવાર ફરિયાદ ના અનુસંધાન માં TMS ટિમ દ્વારા સદર ટ્રાન્સફોર્મર બદલાવવા માટે અનુરોધ કરવા માં આવેલ જે અનુસંધાન માં સદર ટ્રાન્સફોર્મર પહેલી વખત તા.૨૭.૦૪.૨૦૨૩ ના રોજ તથા બીજી વખત તા.૦૧.૦૬.૨૦૨૩ ના રોજ બદલવા માં આવેલ અને ત્યારબાદ ૧૫ દિવસ માટે વૉલ્ટેજ ની ચકાસણી કરવા માં આવેલ પરંતુ તમામ સમયે વૉલ્ટેજ પૂરતા મળતા હતા. તેમ છતાં ગ્રાહક ને પોતાની આંતરિક ખામી ના લીધે પોતાની મોટરો વ્યવસ્થિત ચાલતી ન હોય વૉલ્ટેજ પૂરતા ન મળતા હોવાનું કારણ દર્શાવેલ. અને ગ્રાહક ને સદર મળતા વૉલ્ટેજ થી સંતોષ ન હોય તેમના દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ ખાતે ફરિયાદ કરવા માં આવેલ.

3.1 જે અનુસંધાન માં ભેસાણ પેટા વિભાગીય કચેરી ના બને જૂનિયર ઇજનેર તથા વિભાગીય મીટર ટેસ્ટિંગ લેબ માથી મીટર ટેસ્ટર દ્વારા સદર મીટર નો MRI તથા એક્યુચેક ટેસ્ટ લેવા માં આવેલ સદર સમયે મીટર ના વૉલ્ટેજ(RN-246,YN-245,BN-248) જાણવા મળેલ છે તે જ સમયે એક્યુચેક મીટર ના વૉલ્ટેજ (RN-239.97,YN-243.68,BN-235.60) જાણવા મળેલ છે તથા ટ્રાન્સફોર્મર ના વૉલ્ટેજ (RN-248,BN-249,BN-250/ RY-432 V,YB-428 V,RB-428 V) જાણવા મળેલ છે. જે અનુસંધાન માં સદર સ્થળ પર ચેકિંગ શીટ નં.૧૧૪૮૮/૧૪.૧૨.૨૦૨૩ ની ચેકિંગ શીટ ભરવા માં આવેલ અને હાજર

પ્રતિનિધિ શ્રી પ્રવીણચંદ્ર દેવજીભાઇ પટેલ દ્વારા સહી કરી આપવા માં આવેલ છે તેમજ તેમાં સ્થળ પર ની તમામ વિગત દર્શાવેલ છે. તેમજ સદર ગ્રાહક ને પૂરતા વૉલ્ટેજ પણ મળે છે તથા સદર વીજ ગ્રાહક ના વીજ મીટર નો MRI રિપોર્ટ પણ લેવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબ નાં નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ ની રજૂઆત મુજબ વિભાગીય કચેરી ની ટીએમએસ ટિમ દ્વારા સદર વીજ ગ્રાહક ના વૉલ્ટેજ જોઈ ટ્રાન્સફોર્મર ની ચકાસણી કરવા માં આવેલ છે તેમજ દરેક તપાસણી દરમ્યાન વૉલ્ટેજ પૂરતા મળતા હોવાનું જાણવા મળેલ છે. સદર અરજદારશ્રી નું ટ્રાન્સફોર્મર પહેલી વખત તા.૨૭.૦૪.૨૦૨૩ ના રોજ તથા બીજી વખત તા.૦૧.૦૬.૨૦૨૩ ના રોજ બદલવા માં આવેલ છે અને ત્યારબાદ ૧૫ દિવસ બાદ વૉલ્ટેજ ની ચકાસણી પણ કરવા માં આવેલ પરંતુ તમામ સમયે વૉલ્ટેજ પૂરતા જોવા મળેલ છે.

૪.૨ પીજીવીસીએલ દ્વારા અરજદારશ્રી નું મીટર લેબમાં ટેસ્ટ કરવામાં આવેલ છે. તથા MRI પણ લેવામાં આવેલ છે. જેમાં મીટર ના વૉલ્ટેજ(RN-246,YN-245,BN-248) જાણવા મળેલ છે તે જ સમયે એક્યુચેક મીટર ના વૉલ્ટેજ (RN-239.97,YN-243.68,BN-235.60) જાણવા મળેલ છે તથા ટ્રાન્સફોર્મર ના વૉલ્ટેજ (RN-248,BN-249,BN-250/ RY-432 V,YB-428 V,RB-428 V) જાણવા મળેલ છે. જે અનુસંધાન માં સદર સ્થળ પર ચેકિંગ શીટ નં.૧૧૪૮૮/૧૪.૧૨.૨૦૨૩ ની ચેકિંગ શીટ ભરવા માં આવેલ અને હાજર પ્રતિનિધિ શ્રી પ્રવીણચંદ્ર દેવજીભાઇ પટેલ હાજર રહેલ હતા. તે મુજબ પૂરતા વૉલ્ટેજ મળેલ છે. આમ ટ્રાન્સફોર્મર ને બે વાર બદલવામાં આવે છે અને હાલ ની ચકાસણી મુજબ વીજ પ્રસ્થાપન ઉપર જે વૉલ્ટેજ મળે છે તે નિયમાનુસાર યોગ્ય છે આમ, આ કિસ્સા માં હવે ફોરમ દ્વારા આગળની કાર્યવાહી કરવાની થતી નથી. ફરિયાદ નું નિવારણ પ્રતિવાદી સ્તરેથી થયેલ હોય કોઈ હુકમ કરવાનો થતો નથી.

૪.3 તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી વી.જી.મારકણા | શ્રી એન.સી.મકવાણા |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

JUDGE – 2024

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જીલ્લા સેવા સદન-3, ત્રીજો માળ,બ્લોક નં. ૧, સરકારી પ્રેસ રોડ, ફોન નં.-૦૨૮૧-૨૯૯૪૧૨૫, રાજકોટ-૩૬૦૦૦૧